# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદીથી જણાવે છે કે, બોર્ડ સાથે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના નિયમિત વિદ્યાર્થીઓના નિયત માળખા મુજબના ગુણ તથા પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયના ગુણ બોર્ડની વેબસાઇટ <u>sci.gsebmarks.in</u> તથા <u>gseb.org</u> પર શાળા દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇનં ભરવા માટે સૂચના આપવામાં આવેલ હતી. શાળાઓ દ્વારા ભરવામાં આવેલ વિગતોની ચકાસણી કરી જરૂર જણાય તો તા.૦૧/૦૭/૨૦૨૧ સુધી સુધારો કરી શકાશે, તેમ લેખિત સૂચનાઓમાં જણાવેલ હતુ.

ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા અને પુન: ચકાસણી કરી લેવા અને ચકાસણીના અંતે કોઇ સુધારો જણાય તો તે તા.૦૩/૦૭/૨૦૨૧ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં કરી લેવા તમામ આચાર્યશ્રીઓને પુન: જણાવવામાં આવે છે.

<u>નોંધ</u>:-સામાન્ય પ્રવાહના ગુણ ભરવાની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે આથી તમામ આચાર્યશ્રીઓને તેમની શાળાના વિદ્યાર્થીઓની ઉપરોકત કાર્યવાહીની પુન: ચકાસણી કરી લેવા અને જરૂરી જણાય તો સુધારો તા.૦૪/૦૭/૨૦૨૧ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં કરી લેવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>તારીખ</u>:-૦૧/૦૭/૨૦૨૧
<u>સ્થળ</u> :- ગાંધીનગર

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/8488
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. 2/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.